# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-09-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day : MONDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.**

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજ્યના પ્રવાસે - 35 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોની ભેટ આપશે.

2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની બેઠકમાં ગોબર ધન યોજના હેઠળ ગુજરાતની સિદ્ધિઓ શ્રેષ્ઠ કાર્યરીતિ તરીકે પ્રસ્તુત કરી.

3) રાજ્યમાં ધોરણ નવથી 12ના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની સુરક્ષા માટે હવે શાળાઓમાં નિયમિત કાઉન્સેલિંગ ફરજિયાત.

4) **દિવ્યાંગ જનોને સહાયક સાધનો એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવા નડીઆદ ખાતે રાજ્યનું પ્રથમ 'એલિમ્કો AT Mart શરૂ.**

5) શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે રાજ્યભરના શિવાલયો હર હર મહાદેવના નાદથી ગૂંજ્યા.

6) વિશ્વ તીરંદાજી પેરા સિરીઝના ત્રીજા તબક્કામાં શીતલ દેવીએ ભારત માટે ચંદ્રક નિશ્ચિત કર્યો

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM GUJARAT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજ્યના પ્રવાસે આવશે. તેઓ વડોદરા ખાતે 35 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોની ભેટ આપશે. પ્રધાનમંત્રી 32 હજાર કરોડ રૂપિયાથી વધુના કેન્દ્ર સરકારના તથા બે હજાર 597 કરોડથી વધુના રાજ્ય સરકારના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ પ્રસંગે તેઓ જાહેર સભા પણ સંબોધશે. સાંભળીએ એક અહેવાલ..**

**(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી)**

*પ્રધાનમંત્રી ભારતીય રેલવેના 30 હજાર 700 કરોડના વિકાસકાર્યોની ભેટ આપશે તેમાં 20 હજાર કરોડ રૂપિયાથી વધુના વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોરના ત્રણ વિભાગો—ન્યૂ સાણંદ–ન્યૂ મકરપુરા અને ન્યૂ ઉમરગામનું લોકાર્પણ કરશે. સાથે જ, 8 હજાર 885 કરોડના ખર્ચે વડોદરા-રતલામ વચ્ચે 259 કિ.મી. લાંબા ત્રીજા અને ચોથા રેલવે ટ્રેકના નિર્માણનું ખાતમુહૂર્ત કરશે. રાષ્ટ્રીય રાજમાર્ગ સત્તામંડળની પરિયોજનાઓમાં વડોદરા-સુરત સેક્શનમાં તાપી અને નર્મદા નદી પરના મુખ્ય પુલ સહિતના માળખાંનું નિર્માણકાર્ય, કામરેજ-ચલથાણ સેકશનના છ માર્ગીય કેરેજવે સહિતના કામોનો સમાવેશ થાય છે. શ્રી મોદી શહેરી વિકાસ વિભાગ અને વડોદરા મહાનગરપાલિકાના વિવિધ કામોની પણ ભેટ આપશે. ત્યારબાદ પ્રધાનમંત્રી નવસારીમાં ભાજપના અત્યાધુનિક કાર્યાલયનું પણ લોકાર્પણ કરશે. મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ*

# VAISHNAV GUJARAT

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે રાજ્યના પ્રવાસે આવ્યા છે. તેમણે રાજ્યમાં ચાલી રહેલા અને આગામી રેલવે પ્રોજેક્ટ્સની પ્રગતિ વિશે માહિતી આપી.

(બાઇટ : અશ્વિની વૈષ્ણવ, રેલવે મંત્રી)

**(फ्रेट कॉरिडोर ईस्ट और वेस्ट यह दोनों देश के लिए बहुत बड़ी एक बैकबोन की तरह है ट्रांसपोर्टेशन में। वो प्रोजेक्ट अब कंप्लीट हुआ पूरी तरह से। उसको माननीय प्रधानमंत्री जी कल राष्ट्र के प्रति समर्पित करेंगे। यह परियोजना ऐसी है जिसमें एक-एक करके कई सेक्शंस पिछले चार-पांच वर्षों में खुले और अब कंप्लीट हुआ जेएनपीटी से लेकर दादरी तक और उधर लुधियाना से लेकर प्रयागराज के आगे सोननगर तक। वो सारा कंप्लीट प्रोजेक्ट, विशेषकर जो तीन सेक्शन अभी कंप्लीट हुए हैं)**

# CM WESTERN ZONAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની 28મી બેઠકમાં ગોબર ધન યોજના હેઠળ ગુજરાતની સિદ્ધિઓ શ્રેષ્ઠ કાર્યરીતિ તરીકે પ્રસ્તુત કરી. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં આજે યોજાયેલી આ બેઠકમાં શ્રી પટેલે જણાવ્યું કે અત્યાર સુધીમાં 14 હજાર 745 ગ્રામીણ પરિવારોએ ઘરેલુ બાયોગેસ પ્લાન્ટનો લાભ મેળવ્યો છે અને તેનાથી

36 કરોડ રૂપિયાની વાર્ષિક બચત થઈ છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં 112 સેવાઓની ત્વરિત ઉપલબ્ધતા, જાતીય અપરાધ જેવા ગંભીર ગુનાઓના ગુનેગારોને તાત્કાલિક સજા માટે કાર્યરત ફાસ્ટ ટ્રેક કોર્ટ, માતા અને શિશુઓના પોષણ માટેની વ્યવસ્થાઓને સરકારની પ્રાથમિકતા અને ગ્રામીણ વિસ્તારો સુધી સહકારી ક્ષેત્રના વ્યાપની પ્રસ્તુતિ પણ આ બેઠકમાં કરી હતી.

# RRU TRAINING

ગાંધીનગર સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે BRICS દેશો માટે નાણાકીય ઉચાપત અને આતંકવાદી ભંડોળ સામેની કાર્યવાહી અંગે પાંચ દિવસીય તાલીમ શરૂ થઈ છે. 11 સપ્ટેમ્બર સુધી ચાલનાર આ કાર્યક્રમમાં 25 થી વધુ દેશોના 50થી વધુ અધિકારી જોડાયા છે. આ અંગે વધુ માહિતી આપતા સ્કૂલ ઑફ ક્રિમિનલ લૉ એન્ડ મિલિટરી લૉના નિયામક સુનીલ કવિશ્વરે જણાવ્યું કે આભાસી મિલકતો અને સાયબર માધ્યમથી થતા નાણાકીય ગુનાઓ અંગે ચર્ચા કરાશે.

(બાઇટ : સુનીલ કવિશ્વર, નિયામક)

**(इस प्रोग्राम में हम लोग डिस्कस करने वाले हैं कि फाइनेंशियल इंटीग्रिटी जो होती है कोई भी देश की, इकोनॉमिक सिक्योरिटी होती है, उसमें अभी आने वाले इमर्जिंग रिस्क क्या हैं, उस रिस्क को हम कैसे टैकल कर सकते हैं और उस टैकल करने के बाद हम ब्रिक्स के अंडर एवरी कंट्री एक दूसरे के साथ कैसे इसे शेयर कर सकते हैं, यह हमारा मेन ऑब्जेक्टिव है।)**

# CHAITAR VASAVA JAMIN

ગુજરાત વડી અદાલતે નર્મદાના ડેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના વચગાળાના જામીન મંજૂર કર્યા. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, નવ તારીખથી શરૂ થતા વિધાનસભા સત્રમાં હાજર રહેવા ધારાસભ્યએ વડી અદાલતમાં જામીન અરજી કરી હતી. તેને લઈ અદાલતે તેમને સાત દિવસના શરતી જામીન આપ્યા છે.

# GOVT DECISION FOR STUDENTS

રાજ્યમાં ધોરણ નવથી 12ના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની સુરક્ષા માટે હવે શાળાઓમાં નિયમિત કાઉન્સેલિંગ એટલે કે, મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન અને જાગૃતિ કાર્યક્રમ યોજવા ફરજિયાત બનાવાયું. વિદ્યાર્થીઓમાં વધતા માનસિક તણાવ અને આપઘાતના બનાવને અટકાવવા રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય કરાયો. નવા સુધારા મુજબ, રાજ્યની તમામ સરકારી અને ખાનગી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે નિયમિત કાઉન્સેલિંગ એટલે કે, મનોવૈજ્ઞાનિક માર્ગદર્શનની વ્યવસ્થા કરવી પડશે.

વિદ્યાર્થીઓને અભ્યાસ, પરીક્ષા, કારકિર્દી તેમજ અન્ય કારણથી થતા માનસિક તણાવ અંગે યોગ્ય માર્ગદર્શન અપાશે. ખાસ કરીને માનસિક તણાવ અથવા ગંભીર માનસિક બીમારી ડિપ્રેશનના લક્ષણ અનુભવતા વિદ્યાર્થીઓની વહેલીતકે ઓળખ કરાશે. આવા વિદ્યાર્થીઓને સંવેદનશીલ રીતે જરૂરી સંસ્થાકીય મદદ અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાની જવાબદારી શાળાઓની રહેશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# NADIAD AT MART

દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકોને સહાયક સાધનો એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવા નડીઆદ ખાતે રાજ્યનું પ્રથમ 'એલિમ્કો ATMart શરૂ કરાયું છે. ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ' ALIMCO દ્વારા  શરૂ કરાયેલા આ કેન્દ્રમાં દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો તથા દૈનિક જીવનમાં સહાયક ઉકેલોની જરૂરિયાત ધરાવતી અન્ય વ્યક્તિઓ વિવિધ સહાયક ટેકનોલોજીઓ અને ઉત્પાદનોને એક જ સ્થાન પર મેળવી શકશે.

જેમાં ચાલવા અને હરવા-ફરવા માટે મદદરૂપ થતા સાધનો જેમ કે, વ્હીલચેર, વોકિંગ સ્ટિક, દિવ્યાંગજન માટે ઈલેકટ્રિક સ્કૂટર, સાયકલ, સ્માર્ટ ચશ્મા, કુત્રિમ પગ, 12 ભાષામાં આવતી AI સ્ટિક, ઘોડી, દ્રષ્ટિહીન અથવા ઓછી દ્રષ્ટિ ધરાવતા વ્યક્તિઓ માટે બ્લાઇન્ડ સ્ટીક અને સહાયક ઉપકરણો, શ્રવણ અને વાચા સંબંધિત સાધનો મળી રહેશે.

# MEHSANA MD DRUGS

**મહેસાણા રેલવે સ્ટેશન વિસ્તારમાંથી માદક પદાર્થના જથ્થા સાથે બે શખ્સ ઝડપાયા છે. માદક પદાર્થ વિરોધી કાર્યદળે બાતમીના આધારે દરોડો પાડી 6 લાખ રૂપિયાની કિંમતનો માદક પદાર્થનો 200 ગ્રામ જથ્થો જપ્ત કર્યો છે. આ અંગે વધુ તપાસ ચાલી રહી હોવાનું DySP એસ.જે. બલોચે જણાવ્યું.**

**(બાઇટ : એસ.જે. બલોચ, DySP)**

(મહેસાણા રેલવે સ્ટેશન વિસ્તારની અંદર એક NDPS એક્ટ અંતર્ગત સારો જ રેડ કરવામાં આવેલ. જેમાં માદક પદાર્થની હેરાફેરી એટલે કે વેચાણ અને ખરીદ કરતા આરોપી રંગે હાથે ઝડપી લેવામાં આવેલ. પ્રાથમિક પરીક્ષણ જેમાં માદક પદાર્થ મેફેડ્રોન ની હાજરી જણાઈ આવેલ. આરોપી નંબર ૧ અને તેઓ પોતે મેફેડ્રોન નામનું માદક પદાર્થ આરોપી નંબર ૨ એમને ડીલીવર કરવા માટે મહેસાણા ખાતે આવનાર હતા.)

# SWACHH SAHER 100 DAYS

ભાવનગર ઝોનના ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને જૂનાગઢ ચાર જિલ્લાઓમાં ‘સ્વચ્છ શહેર 100 દિવસ મહાઅભિયાન’નો પ્રારંભ કરાયો. પ્રાદેશિક કમિશ્નરની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં ડોર-ટુ-ડોર કલેક્શન અને 'સ્વચ્છતા આર્મી' ના જનસંપર્ક પર વિશેષ ભાર મુકાયો આ અભિયાન અંતર્ગત તમામ શહેરો વીસીબલ ક્લીનનેશ સુનિશ્ચિત કરવા અને સ્વચ્છતાના નિર્ધારિત લક્ષ્યાંકો સમયસર સિદ્ધ કરવા અંગે વિગતવાર માર્ગદર્શન અને કડક દિશા-નિર્દેશો અપાયા હતા.

# RAJYPALSHRI

સાબરકાંઠાના તલોદના એપીએમસી માર્કેટ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો.તેમણે ખેડૂતોને જમીનના એક ભાગથી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરવા સંકલ્પબદ્ધ કર્યા.

રાજ્યપાલ શ્રીએ કહ્યું પ્રાકૃતિક ખેતી સમૃદ્ધ, સ્વસ્થ અને ખુશહાલ જીવન માટે જીવનદાતા સમાન છે પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન ઘટતું હોવાનો ભય ભ્રામક છે,પરંતુ ઝીરો બજેટ પ્રાકૃતિક ખેતી ખેડૂતને બમણા નફા સાથે મનુષ્ય અને પર્યાવરણને સ્વસ્થતાની ભેટ  આપનારી છે.

# SHRAVAN –SOMVAR

**શ્રાવણ માસ ના છેલ્લા સોમવારે રાજ્યભરના શિવાલયો રુદ્રી, શિવમય બન્યા હતા. આજે શ્રાવણ માસ ના ચોથા અને અંતિમ સોમવાર અને કૃષ્ણ પક્ષ ની અંતિમ એકાદશી પર્વો નો સુભગ સમન્વય થતાં ભક્તો માં બેવડો ઉત્સાહ જોવા મળે છે.**

**દ્વારકાના નાગેશ્વર જ્યોતિર્લિંગ ખાતે ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું હતું. સાંભળીએ અમારા પ્રતિનિધિ કરણ જોશીનો અહેવાલ.**

**(BYTE - કરણ જોશી)**

(શ્રાવણ મહિનાનો છેલ્લો સોમવાર હોય દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા ખાતે આવેલા નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિર ખાતે મોટી સંખ્યામાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. મહાદેવની પૂજા-અર્ચના કરવા માટે લોકો ખાસ દૂર-દૂરથી નાગેશ્વર જ્યોતિર્લિંગ ખાતે આવતા હોય છે ત્યારે મોટી સંખ્યામાં ભક્તો ભગવાન ભોલેનાથને રીઝવવા માટે વહેલી સવારથી જ લાંબી કતારોમાં લાગ્યા હતા. આજના દિવસે સોમવારના દિવસે રૂદ્રી, મહારૂદ્રી, મહાપ્રસાદ જેવા અનેક ધાર્મિક કાર્યક્રમો નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિર ખાતે ઉજવવામાં આવી રહ્યા છે.)

**ડાંગ ના આહવાના દંડકેશ્વર મહાદેવ મંદિર, ખાતળ, ચિંચલી, બરડપાની, સાપુતારા સહિતના અનેક શિવ મંદિરોમાં હર હર મહાદેવના નાદ સાથે ગુંજી ઉઠયા અનેક મંદિરોમાં ભક્તો દ્વારા ભજન-કીર્તન, મહાઆરતી અને પ્રસાદ વિતરણ જેવા ધાર્મિક કાર્યક્રમો પણ યોજાયા હતા**

# VADNGAR –SHRVANOSTAV

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા વડનગર ખાતે શર્મિષ્ઠા તળાવના કિનારે શ્રાવણ મહિનાના દર રવિવારે ભવ્ય "વડનગર શ્રાવણ ઉત્સવ"માં પ્રવાસીઓ નો ભારે ધસારો જોવા મળ્યો.આ ઉત્સવમાં ચાર રવિવાર માં કુલ 53,515 પ્રવાસીઓએ વડનગરની મુલાકાત લીધી હતી.

ગુજરાત પ્રવાસન દ્વારા શર્મિષ્ઠા તળાવના કિનારેઆયોજિત શિવ પૂજા, સંગીત, નૃત્ય, હુડો રાસ અને લાઇટ એન્ડ સાઉન્ડ શો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. વડનગર શ્રાવણોત્સવ’ અંતર્ગત 108 ઋષિકુમારો વચ્ચે યોજાએલી મૃત્યુંજય સ્પર્ધાની આજે ભવ્ય પૂર્ણાહુતિ થઈ અને વિજેતાઓને સન્માનિત કરાયા હતા

# ARCHERY PARA SERIES

અમદાવાદમાં ચાલી રહેલી વિશ્વ તીરંદાજી પેરા સિરીઝના ત્રીજા તબક્કામાં મહિલા કમ્પાઉન્ડ વ્યક્તિગત ફાઇનલમાં પ્રવેશ કરીને શીતલ દેવીએ ભારત માટે ચંદ્રક નિશ્ચિત કર્યો છે. સેમિફાઇનલમાં, તેણીએ સરિતાને 145-143થી હરાવીને સુવર્ણ ચંદ્રક મુકાબલામાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. ફાઇનલમાં તેનો મુકાબલો કઝાકિસ્તાનની એઝાદા સીદાન સામે થશે. W1 મહિલા વિભાગમાં ચીનની લિયુ જિંગ સામે 1-7થી હારી જતાં ભારતની સ્વાતિ ચૌધરી કાંસ્ય ચંદ્રક માટે લડશે.

કમ્પાઉન્ડ મેન્સ વિભાગમાં, વર્તમાન વિશ્વ ચેમ્પિયન તોમન કુમાર સેમિફાઇનલમાં ઇન્ડોનેશિયાના કેન સ્વાગુમિલંગ સામે હારી જતાં તે હવે ઇરાકના અબ્બાસ કાહિમ સામે કાંસ્ય ચંદ્રક લડશે.